# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


**પ્રેસનોટ:-01** **તા.19-04-2021**

**હેલ્પલાઇન નંબર:- 079-232-76944**

## પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલના માર્ગદર્શન હેઠળ

## કોરોનાની વિકટ પરિસ્થિતિમાં જરૂરિયાતમંદ લોકોને મદદરૂપ થવા માટે પ્રદેશ યુવા મોરચા દ્વારા 079-232-76944 હેલ્પલાઇન નંબર શરૂ કરવામાં આવ્યો.

---

## પ્રદેશ મહામંત્રીશ્રી રજનીભાઈ પટેલના હસ્તે યુવા મોરચા દ્વારા "શ્રી કમલમ" ખાતે શરૂ કરવામાં આવેલ હેલ્પ-ડેસ્ક કોલ સેન્ટરનું ઉદઘાટન કરાયુ.

---

## યુવા મોરચા દ્વારા મંડલ સહ "નમો કેર" આઇસોલેશન સેન્ટર ઊભું કરાશે.

---

## તા. 20 એપ્રિલ થી 30 એપ્રિલ દરમ્યાન યુવા મોરચા દ્વારા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરાશે.

---

## તા.27 એપ્રિલના રોજ યુવા મોરચા દ્વારા પ્લાઝમા ડોનેશન કેમ્પનું આયોજન કરાશે.

પ્રદેશ મીડિયા વિભાગ અખબારી યાદીમાં જણાવે છે કે, પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલના માર્ગદર્શનથી કોરોનાની વિકટ પરિસ્થિતીમાં પ્રદેશ યુવા મોરચા દ્વારા જરૂરિયાતમંદ લોકોને મદદરૂપ થવા માટે **"079-232-76944"** હેલ્પલાઇન નંબર શરૂ કરવામાં આવ્યો. આ હેલ્પલાઇન નંબરનું કૉલ સેન્ટર "શ્રી કમલમ" ખાતે શરૂ કરવામાં આવ્યું. પ્રદેશ મહામંત્રીશ્રી રજનીભાઈ પટેલે "શ્રી કમલમ" ખાતે યુવા મોરચા દ્વારા શરૂ થયેલ હેલ્પ-ડેસ્ક કૉલ સેન્ટરનું ઉદઘાટન કરાયુ.

પ્રદેશ યુવા મોરચાના પ્રમુખશ્રી પ્રશાંતભાઈ કોરાટે જણાવ્યુ હતું કે, કોરોનાની વિકટ પરિસ્થિતીને ધ્યાનમાં રાખી યુવા મોરચા દ્વારા શરૂ કરાયેલ હેલ્પલાઇન નંબર પર જે પણ જરૂરિયાતમંદ લોકોનો ફોન

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આવશે તેમની સમસ્યાઓ જાણી જે તે જીલ્લામાં તે સમસ્યાઓને ફોરવર્ડ કરી શક્ય તેટલું મદદરૂપ થઈ શકાય તે પ્રકારના પ્રયત્ન હાથ ધરાશે. યુવા મોરચાનો કાર્યકર્તા આ કામ માટે તત્પર છે.

પ્રદેશ યુવા મોરચા દ્વારા મંડલ સહ "નમો કોવિડ કેર આઇસોલેશન સેન્ટર" ઊભું કરાશે. જેમાં 15 થી 20 બેડની સુવિધા હશે. માઈલ સીમટમ્સ ધરાવનાર દર્દીઓ તે કોવિદ સેન્ટરમાં ક્વોરનટાઈન થઈ શકે તે પ્રકારનું આયોજન હાથ ધરાશે. તા. 20 એપ્રિલ થી 30 એપ્રિલ દરમ્યાન યુવા મોરચા દ્વારા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરાશે. તા.27 એપ્રિલના રોજ દરેક જીલ્લામાં મંડલ સહ પ્લાઝમાં ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવશે.

શ્રી પ્રશાંત કોરાટે વધુમાં જણાવ્યુ કે, પ્રદેશ યુવા મોરચા દ્વારા કોરોનાની વિકટ પરિસ્થિતીને ધ્યાનમાં રાખી દરેક બુથમાં 4,5 કાર્યકર્તાઓની ટિમ બનાવી ઘરે-ઘરે માસ્ક તથા સેનેટાઈઝર વિતરણ થાય તે પ્રકારનું આયોજન કરવામાં આવશે.

ડો. યજ્ઞેશ દવે
(પ્રદેશ મીડિયા કન્વીનર)